**ક્રિમીનલ કેસ નં. ૨૮૨૪/૧૯૯૭**

**-:: આંક-૦૧ લગત હુકમ ::-**

વિ.એ.પી.પી.શ્રીની આંક-__ ની પુરસીસ તથા જિલ્લા કલેકટરશ્રીનો આદેશ નં. જે-એકસ-ડોરમેન્ટ કેસ ફા..નં.૨૭/૨૦૨૨,તા. ૦૧/૧૧/૨૦૨૨ નો ધ્યાને લીધો. રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીઓને/સાહેદો ને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીઓની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી . આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય તો ઈફિકટીવ કેસ તરફ વધુ ધ્યાન આપી શકાય, તેવા શુભઆશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. આ સં જોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૨૧(૧) અન્વયે આ ફોજદારી કેસ પરત ખેચવા આસીસ્ટંટ પબ્લીક પ્રોસીકયુટરશ્રીને પરવાનગી આપવામાં આવે છે અને આ કેસમાં પુરાવો નોંધાયેલ ન હોય, આરોપીઓને બિન-તહોમત મુકત કરવા આદેશ કરવામાં આવે છે.

મુદામાલ અંગે વચગળા નો જો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામા આવે છે અન્યથા નોનવેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો. અને વેલ્યુએબલ મુદામાલ હોય તો તે શ્રી સરકાર ખાતે જમા કરાવવો.

કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી.

તા. ૧૨/૧૧/૨૦૨૨.

રાજકોટ. ( સી.કે.રાઠોડ )

બીજા એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, રાજકોટ.

(યુ.આઈ.ડી.નં. જી.જે. ૦૧૪૧૫)

**ક્રિમીનલ કેસ નં.૨૮૨૪/૧૯૯૭**

**<u>-:: આંક-     ની અરજી લગત હુકમ ::-</u>**

વિ.એ.પી.પી.શ્રીની આંક-____ ની અરજી વંચાણે લીધી, રજુઆતો ધ્યાને લીધી તથા જિલ્લા કલેકટરશ્રીનો આદેશ નં <u>જે-એકસ-ડોરમેન્ટ કેસ ફા..નં .૨૭/૨૦૨૨,તા. ૦૧/૧૧/૨૦૨૨</u> નો ધ્યાને લીધો. રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીઓને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીઓની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી  તેમજ નજીકના ભવીષ્યમાં પણ આરોપીઓ મળી આવી શકે તેવી શકયતા નહીવત જણાય છે તેમજ હાલનો કેસ ઘણો જુનો હોય તથા સરકારશ્રીના ડોરમેટ કેસો વિડ્રો કરવા અંગેના પરીપત્રના વ્યાપમાં પડતો હોય, રજુઆતો ધ્યાને લેતા જો આવા ડેડવુડ કેસો નુ ભારણ ઘટે તો અસરકારક કેસો પર વધુ ધ્યાન આપી શકાય તેમ હોય એ.પી.પી.શ્રી ની હાલની અરજી જાહેર હીતમાં કરવામાં આવેલ હોવાનુ તથા શુભનીષ્ઠા પુર્વક કરવામાં આવેલ હોવાનુ જણાતુ હોય સદર અરજી મંજુર કરવાથી ન્યાયનુ હીત જળવાશે તેમ જણાતુ હોય સદર ફોજદારી કાર્યવાહી પાછી ખેચી લેવાની હાલની પરવાનગી અરજી મંજુર કરવામાં આવે છે.

તા. ૧૨/૧૧/૨૦૨૨.
રાજકોટ.

( સી.કે.રાઠોડ )
બીજા એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, રાજકોટ.
(યુ.આઈ.ડી.નં. જી.જે. ૦૧૪૧૫)